G04 - ડિસેમ્બર 2025

મુનિ સેવા આશ્રમ, ગોરજ નું પોતીકું

# अनुसंधान

શ્રદ્ધા, સંકલ્પ, સમર્પણ, સ્નેહ,
સેવા અને સહયોગનું સરવૈયું



સંસ્થાપક
પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર

મુનિ સેવા આશ્રમ



અધ્યક્ષ
ડૉ વિક્રમ પટેલ



यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ 3. 21 ॥

જે કંઈ પણ મહાન કર્મો મહાન વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે, સમાજ તેનું અનુસરણ કરે છે. જે કોઈ આદર્શ તેમના દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવે છે તેને સમગ્ર સંસાર અનુસરે છે.વિશ્વનાં કલ્યાણ અર્થે અનુકરણીય ઉદાહરણ પૂરું પાડવા, શ્રેષ્ઠ વ્યક્તિઓ નિયત કર્તવ્યોનું પાલન કરીને સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

# કૈલાશ કેન્સર હોસ્પિટલ & રિસર્ચ સેન્ટર:
# માનવતાના માર્ગે આશા, આરોગ્ય અને આનંદસભર સેવાની ૨૫ વર્ષની અમૃતમય સફર



**માનવસેવાના સ્થાનક સમા આપણા મુનિ સેવા આશ્રમની દરેક પહેલ, દરેક પ્રકલ્પ, દરેક અભિયાન – એ કોઈ વૈયક્તિક મહત્વાકાંક્ષાનું પરિણામ નહિ, પરંતુ છેવાડાના માનવીના છાના રુદનને, રોગ અને રુગ્ણતાથી કંપતા પરિવારોના અબોલ દુઃખને, તથા સમયની પરમ જરૂરિયાતના સાદને અપાયેલો સંવેદનાસભર પ્રત્યુત્તર હોય છે.**

લગભગ ત્રણ દાયકા પૂર્વેનો એ સમય, જ્યારે કેન્સર રૂપી દૈત્ય સમાજ પર પોતાનો ભયાનક પંજો ફેલાવી રહ્યો હતો. ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોના અસંખ્ય દર્દીઓ ને સારવારની શોધમાં માઈલો દૂર જવાની ફરજ પડતી, જેનાથી તેમના માથે શારીરિક, ભાવનાત્મક અને આર્થિક એમ ત્રિવિધ કષ્ટોનો બોજ આવી પડતો. અને એ હાલાકીમાં ઘણી વાર એવુંય બનતું કે દર્દીની સારવાર અધૂરી મૂકી દેવાતી. આશ્રમના પગથિયે પહોંચનારા ઘણા દર્દીઓ  માત્ર રોગ જ નહિ , થાક, ડર અને ઊંડી અનિશ્ચિતતાનું પોટલું પણ સાથે લઈને આવતા. એ સમયે, સમાજની અંદરથી એક સામૂહિક આર્તનાદ ઉઠ્યો – દર્દીઓ, તેમના પરિજનો, સમાજસેવકો અને શુભેચ્છકોએ પૂજ્ય શ્રી બેનને ગોરજની ધન્ય ધરા પર કેન્સર હોસ્પિટલ સ્થાપવાની વિનંતી કરી.

**કાર્ય ભગીરથ હતું, દ્રષ્ટિકોણ સાહસિક હતો; માર્ગ અગ્નિપથ સમો કઠિન. ગોરજ અંતરિયાળ હતું. સંસાધનો તો સીમિત હતા જ. સર્વગ્રાહી કેન્સર સંભાળ માટે અદ્યતન ટેકનોલોજી, વિશિષ્ટ નિપુણતા અને અવિરત સમર્પણનું સિંચન અનિવાર્ય હતું. તેમ છતાં, સેવામાં અચળ વિશ્વાસ અને કરુણાજન્ય હિંમતથી માર્ગદર્શિત થઈને, પૂજ્ય શ્રી બેને શ્રદ્ધાથી છલોછલ સંકલ્પ લીધો – "ગોરજ ખાતે કેન્સર હોસ્પિટલ બનીને જ રહેશે!" – કારણ કે ભૌગોલિક અંતર અંતર, ગરીબી કે સામાજિક પરિસ્થિતિ ક્યારેય એ નિર્ધારિત ન કરી શકે કે કોને જીવનદાન મળશે અને કોને પીડાના વમળમાં સબડતા છોડી દેવાશે!**

અને એ પાવન સંકલ્પની ફલશ્રુતિ સ્વરૂપે આજથી પચ્ચીસ વર્ષ પહેલાં, ગુજરાતના આદિવાસી વિસ્તાર – ગોરજની ગોદમાં – કૈલાશ કેન્સર હોસ્પિટલ & રિસર્ચ સેન્ટરનો જન્મ થયો. કેન્સરથી વ્યાપેલી નિરાશાની ગર્તામાં જાણે આશાનું કિરણ પ્રગટ્યું. જે ઉભર્યું એ માત્ર એક ઇમારત નહોતી, પરંતુ આશા, આરોગ્ય અને આનંદનું અભયારણ્ય હતું, જ્યાં વિજ્ઞાન અને આધ્યાત્મિકતાએ એકબીજાનો હાથ પકડ્યો હતો. અદ્યતન ટેક્નોલોજી સાથે કરુણાસભર સેવાનો સમન્વય થયો હતો, અને દરેક દર્દીને દાતાઓની અંતરની પ્રાર્થનાનું બળ તેમજ ડોકટરોના અનુભવયુક્ત જ્ઞાનનો લાભ મળવાનું ચાલુ થયું હતું..

આજે, ભારતની અગ્રગણ્ય કેન્સર હોસ્પીટલોમાંની એક ગણાતી - કૈલાશ કેન્સર હોસ્પિટલ એક અત્યાધુનિક, સર્વગ્રાહી કેન્સર સારવારના કેન્દ્ર તરીકે ઊભી છે, અને તેના આંગણે આવનાર દરેક દર્દીને એક જ છત નીચે નિવારણ, નિદાન, સારવાર અને પુનર્વસનનું અમૃત પ્રદાન કરે છે. ગોરજ નામના નાનકડા ગામમાં પ્રગટેલા આ સેવા પ્રકલ્પે રાષ્ટ્રીય અને વૈશ્વિક માન્યતાના શિખરો સર કર્યા છે, જેનાથી ગુજરાતના આ નાનકડા ગોરજને  કરુણાસભર ઓન્કોલોજીના વિશ્વ નકશા પર ગૌરવ ભર્યું  સ્થાન મળ્યું છે. યોગ્ય અને વિકસતી તબીબી ટેકનોલોજીથી સજ્જ, પુરાવા-આધારિત ઓન્કોલોજી દ્વારા માર્ગદર્શિત, અને સમર્પિત ડોકટરો, નર્સો અને સ્ટાફના નિરંતર યજ્ઞ દ્વારા સેવાબદ્ધ, આ હોસ્પિટલ તેના સ્થાપક સિદ્ધાંત: **"કેન્સરની સારવારથી કોઇ પણ ક્યારેય વંચિત ન રહેવું જોઇએ"** પ્રત્યે અડગ છે.




છેલ્લા ૨૫ વર્ષોમાં, ૩૪ લાખથી વધુ દર્દીઓએ અહીં નિદાન, સારવાર અને પુનર્વસનની સેવાઓનો લાભ લીધો છે. દરેક દર્દી પાછળ એક માનવીય ગાથા છે – એક પરિવારને આશ્વાસનની ઓથ મળી છે, એક બોજ હળવો થયો છે, એક જીવન યાત્રા સહેલી બની છે. અસંખ્ય વ્યક્તિઓ માટે આ હોસ્પિટલ સચોટ નિદાન અને પુનઃસ્વાસ્થ્યપ્રસ્થાપનનો સુવર્ણ સેતુ બની છે.

અહીં, સારવાર માત્ર ઔપચારિક પ્રોટોકોલ સુધી સીમિત ન રહેતા, ક્લિનિકલ શ્રેષ્ઠતા હૃદયની સંવેદનાથી સમૃદ્ધ છે. ટેક્નોલોજી શરીરને સાજા કરવા માટેનું સાધન બને છે, જ્યારે માનવીય કરુણા દર્દીનું ગૌરવ પુનઃસ્થાપિત કરવામાં સહાયભૂત થાય છે. અહીં સર્વજન હિતાય - સર્વજન સુખાય એવી સારવાર-સંભાળમાં કોઈ અપવાદ નથી – તે આ સંસ્થાની સભાન અને અડગ પ્રતિબદ્ધતા છે. અને એટલે જ **"કેન્સરના કાશી"** નું ઉપનામ પામેલી આ હોસ્પિટલ કેન્સરના દર્દીઓ માટે ભગવાનના આશીર્વાદ સમ બની છે.

હવે જ્યારે આપણે આ સેવા-યાત્રાના ૨૫ વર્ષના શુભ મુકામ પર ઊભા છીએ, ત્યારે આવો આપણા સંકલ્પને નવા જોશ સાથે દોહરાવીએ - કેન્સરનો ભયાનક પંજો સતત ફેલાતો જાય છે અને તેથી જ આપણે પણ આપણા સેવા સંકલ્પને સુદ્રઢ કરશું, સંશોધનનો વ્યાપ વધારીશું, આશ્રમના નૈતિક મૂલ્યોની જાળવણી કરશું અને કરુણાસભર સેવાને વધુ ગહન બનાવતા રહીશું.

આવો, આજે આ પાવન ટાણે, બે હાથ જોડી, કૃતજ્ઞતાવિભોર હૃદય સાથે ૨૫ વર્ષની આ સીમાચિહ્નરૂપ સિદ્ધિને વધાવીએ - અને વધાવીએ એ દરેક દર્દીની શ્રદ્ધાને જેમણે હોસ્પિટલ પર વિશ્વાસ મુક્યો , દરેક પરિજનને જે આપણી સાથે અડગ ઊભા રહ્યા, દરેક ડોક્ટર અને સ્ટાફ સભ્યને જેમણે અવિરત સેવા પ્રદાન કરી , દરેક દાતાને જેમણે આ મિશનને માત્ર સંસાધનોથી જ નહીં પણ હૃદયપૂર્વકના વિશ્વાસથી પોષ્યું, અને દરેક શુભેચ્છકને જેમણે આ સફરને સહકાર - સમર્થન આપ્યું!

આગળ પણ આ સેવાની સફર...

વિજ્ઞાન- ટેક્નોલોજીની મજબૂતાઇ સાથે અને પરમતત્વમાં શ્રદ્ધા સંગ સંવેદનાસભર સેવાની અખંડ ધારા સાથે

ચાલુ જ રહેશે...!

અસ્તુ.

## CRC- કક્ષાનાં વિજ્ઞાન મેળામાં મુનિ સેવા આશ્રમની બે શાળાઓની ગૌરવવંતી સિદ્ધિ!

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (ગાંધીનગર), જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (વડોદરા) અને બી. આર. સી. (વાઘોડિયા) પ્રેરિત CRC- કક્ષાનાં વિજ્ઞાન મેળાનું વર્ષ 2025-26માં સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનો મુખ્ય વિષય "વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ" (STEM) રાખવામાં આવ્યો હતો.

આ સ્પર્ધામાં આપણી બે શાળાઓના તેજસ્વી વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રથમ સ્થાન મેળવીને ગૌરવ વધાર્યું છે:

**૧. બક્ષીપંચ આશ્રમ શાળા :**

વિજેતા વિદ્યાર્થીઓ: **ધોરણ ૮ના વીર બારીયા અને પ્રિન્સ બારીયા.**

**પ્રોજેક્ટ:** "Piezoelectric Step Tile" (પગલાં દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ).

**માર્ગદર્શક શિક્ષક:** શ્રી ભાવસિંહભાઈ રાઠોડ.









**૨. એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ :**

વિજેતા વિદ્યાર્થીઓ અને પ્રોજેક્ટ:

**ધ્રુવિ તાવીયાડ અને તૃપ્તિ ખાંટ ( પ્રોજેક્ટ: "Aquaponics").**

**મિનય રાઠવા અને પલાશ વસિત (પ્રોજેક્ટ: STEM વિષય પરનો મેથ્સ પ્રોજેક્ટ).**

**માર્ગદર્શક શિક્ષકો:** શ્રી મનાલીબેન પંડ્યા અને શ્રી તૃષ્ણાબેન શાહ.

આ વિજ્ઞાન મેળામાં પ્રથમ સ્થાન મેળવનાર બંને શાળાઓના તમામ વિજેતા વિદ્યાર્થીઓ તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકો શ્રી ભાવસિંહભાઈ રાઠોડ, શ્રી મનાલીબેન પંડ્યા અને શ્રી તૃષ્ણાબેન શાહને ખૂબ ખૂબ અભિનંદન અને આગળની સ્પર્ધાઓમાં માટે શુભકામનાઓ!

## એકલવ્ય શાળા ખાતે ભગવાન બિરસા મુંડા જયંતીની ઉજવણી

આપણી એકલવ્ય શાળા ખાતે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી ઉત્સાહભર્યા પરંપરાગત સંગીતમય કાર્યક્રમ સાથે કરવામાં આવી , જેમાં તેમની બહાદુરી, નેતૃત્વ અને પ્રકૃતિ સાથેના ઊંડા જોડાણને ભાવસભર શ્રદ્ધાંજલિ અપાઈ. વિદ્યાર્થીઓએ સંગીત અને તાલ દ્વારા આદિવાસી સંસ્કૃતિની સમૃદ્ધિ ખૂબ જ સુંદર રીતે રજૂ કરી. આ કાર્યક્રમે સૌને બિરસા મુંડાના રાષ્ટ્ર પ્રતિ અમૂલ્ય યોગદાનની યાદ અપાવી અને વિદ્યાર્થીઓને તેમની બહાદુરી, એકતા અને સમાજસેવાના મૂલ્યોને અનુસરવા પ્રેરણા આપી.







## સ્માર્ટફોન: આશીર્વાદ કે અભિશાપ?



ઓગસ્ટ ૨૦૨૫ માં, ભારતમાં મોબાઈલ ફોનના આગમનને ૩૦ વર્ષ પૂર્ણ થયા. સન ૧૯૯૫ માં એક સાદા સંદેશાવ્યવહાર ઉપકરણ તરીકે આવેલા આ યંત્રે ધીમે ધીમે અત્યાધુનિક સ્વરૂપ ધારણ કરીને આજે સ્માર્ટફોન રૂપે સમગ્ર માનવજાતને પોતાની માયાજાળમાં જકડી લીધી છે.

એક રિપોર્ટ પ્રમાણે સરેરાશ ભારતીય નાગરિક રોજના 5 કલાક સ્માર્ટ ફોન પાછળ ખર્ચે છે અને આપણે સૌ ભારતીયો ભેગા થઈને 1.1 લાખ કરોડ કલાકનો ઉપયોગ મોબાઈલ - સ્માર્ટ ફોન જોવામાં કરીએ છીએ. સ્માર્ટફોન માત્ર એક ઉપકરણ નથી, પરંતુ આપણા દૈનિક જીવનનું કેન્દ્રબિંદુ બની ગયો છે. ભારતમાં અને વિશ્વભરમાં તેણે અભૂતપૂર્વ સામાજિક, આર્થિક, માનસિક અને ભાવનાત્મક પરિવર્તનો લાવી દીધા છે. સંદેશવ્યવહારના ક્ષેત્રથી લઈને ઇ-બેન્કિંગ, ઓનલાઈન બિઝનેસ, અને શિક્ષણ (e-Learning) જેવા અનેક ક્ષેત્રોમાં સ્માર્ટફોને ક્રાંતિ સર્જી છે. તેણે દૂર-સુદૂરના ગામડાઓને પણ વૈશ્વિક જ્ઞાન અને તકો સાથે જોડી દીધા છે. સ્માર્ટફોનનો સભાન અને રચનાત્મક ઉપયોગ ખરેખર આશીર્વાદરૂપ સાબિત થયો છે.



જોકે, આ ટેક્નોલોજીના અવિચારી અતિરેકથી ઊભી થયેલી સમસ્યાઓ પણ અભિશાપ કરતાં ઓછી નથી. બનાવટમાં ભલે 'સુગર-કોટેડ' હોય, પરંતુ સ્માર્ટફોનનું વ્યસન હવે બીડી, સિગારેટ, તમાકુ કે દારૂ જેવા હાનિકારક વ્યસનોની હરોળમાં આવી ગયું છે. તેના રચનાત્મક ઉપયોગોની સરખામણીએ તેના નકારાત્મક અને ખંડનાત્મક પાસાંઓની યાદી સતત લાંબી થતી જાય છે.

સવારના પહેલા શ્વાસથી લઈને રાતની અંતિમ ક્ષણ સુધીનો સાથી બનેલો આ ફોન મોટાભાગના લોકો માટે જાણે 'સૌથી મોટો જીગરી' બની ગયો છે. તેના વ્યસનને કારણે કમર દર્દ, ગરદન જકડાઈ જવી (Text Neck), આંખોની દ્રષ્ટિ નબળી પડવી જેવા અનેક શારીરિક દર્દોએ વિદ્યાર્થીઓ અને યુવાનોને ઘેરી લીધા છે.

ફોનને કારણે જ પરિવારના સભ્યો વચ્ચેનો સંવાદ તૂટી રહ્યો છે, પારિવારિક ઝઘડાઓ વધી રહ્યા છે અને છૂટાછેડા જેવી નોબત આવતી હોવાના કિસ્સાઓ આપણે રોજબરોજ જોઈ રહ્યા છીએ.

આપણે સૌએ સમજવું પડશે કે આ ડિવાઇસ આપણું સાધન છે, આપણો માલિક નહીં.

તાજેતરમાં, આશ્રમના વોકેશનલ ટ્રેઇનિંગ સેન્ટરના વિદ્યાર્થીઓએ આ ગંભીર મુદ્દા પર પ્રકાશ પાડવા માટે એક સરાહનીય પ્રયાસ કર્યો. તેમણે હિન્દી ફિલ્મી ગીતો અને નૃત્યાભિનય દ્વારા સ્માર્ટફોનની આડઅસરો વિષે એક કટાક્ષમય અને અસરકારક કૃતિ રજૂ કરી, જેણે ઉપસ્થિત સૌને વિચારતા કરી મૂક્યા.

આપણે સૌએ ટેક્નોલોજીનો ઉપયોગ સભાનતાથી કરીને, સ્માર્ટફોનને અભિશાપ બનવાને બદલે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સાબિત કરવો પડશે.

## વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે ફાયર સેફ્ટી ટ્રેનિંગ યોજાઈ

આપણા વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે વિદ્યાર્થીઓને આગના જોખમો સમજાવવા, જાગૃતતા વધારવા, ગભરાટ ઓછો કરવા અને આપાતકાલીન પરિસ્થિતિમાં ઝડપી અને સલામત પ્રતિભાવ સુનિશ્ચિત કરવા તેમજ ફાયર એક્સટિંગ્વિશરનો યોગ્ય ઉપયોગ સાથે ખાલી કરવાની પ્રક્રિયા શીખવવા માટે પ્રાયોગિક ફાયર સેફ્ટી ટ્રેનિંગ પ્રશિક્ષણનું આયોજન કરવામાં આવ્યું.









## ખેલ મહાકુંભ 2025 માં ઉત્તમ પ્રદર્શન:

આપણી EMRSના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ 2025 માં ઉત્તમ પ્રદર્શન કરી તાલુકા અને જિલ્લા સ્તરે નોંધપાત્ર સફળતા હાંસિલ કરી છે. તમામ વિજેતાઓ અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન, અને તેમના માર્ગદર્શકોને તેમના અવિરત સહકાર બદલ હૃદયપૂર્વક આભાર.


Muni Seva Ashram, Goraj

EMRS performance at Khel Mahakumbh - District Leval in Archery

| Category | Student's Name | Game | Result |
|---|---|---|---|
| U 14 - Boys | Tanmay | Archery | 2nd |
| U 14 - Boys | Parth | Archery | 4th |

Muni Seva Ashram- Goraj

EMRS Performance at Khel Mahakumbh 2025 (Taluka leval)

| Category | Kho - Kho | | Kabaddi | | Volleyball | |
|---|---|---|---|---|---|---|
| | Girls | Boys | Girls | Boys | Girls | Boys |
| Under 14 | 1st Rank | 1st Rank | 1st Rank | 1st Rank | 1st Rank | 1st Rank |
| Under 17 | 1st Rank | 1st Rank | 1st Rank | 1st Rank | 1st Rank | 1st Rank |
| Under 19 | 2nd Rank | | | | | |

CONGRATULATIONS!


Congratulations

Muni Seva Ashram, Goraj

EMRS performance at Khel Mahakumbh - Taluka Leval in Athletics

| Category | Student's Name | Game | Result |
|---|---|---|---|
| U 14 - Girls | Urvashi | 600 mt | 1st |
| U 14 - Girls | Meera | 600 mt | 2nd |
| U 14 - Girls | Henisha | 400 mt | 3rd |
| U 17 - Girls | Divya Rathva | 400 mt | 1st |
| U 17 - Girls | Bhagyashree Munia | 800 mt | 1st |
| U 17 - Girls | Bhagvati Rathva | 1500 mt | 1st |
| U 17 - Girls | Riddhi Rathva | 200 mt | 2nd |
| U 17 - Girls | Bhagvati Rathva | 800 mt | 2nd |
| U 17 - Girls | Apexa Kolcha | 1500 mt | 2nd |
| U 17 - Girls | Divya Rathva | Long Jump | 1st |
| U 17 - Girls | Sejal Rathva | Javeline Throw | 1st |
| U 17 - Girls | Prathvi Rathva | Javeline Throw | 2nd |
| U 14 - Boys | Mahesh Dhanka | 100 mt | 1st |
| U 14 - Boys | Priyansh Rathva | 200 mt | 1st |
| U 14 - Boys | Smit Rathva | 400 mt | 2nd |
| U 14 - Boys | Tarun Rathva | 400 mt | 3rd |
| U 14 - Boys | Yash Parmar | 600 mt | 2nd |
| U 17 - Boys | Kishan Malivad | 100 mt | 2nd |
| U 17 - Boys | Santosh Rathva | 200 mt | 1st |
| U 17 - Boys | Mahesh Dhanka | 200 mt | 2nd |
| U 17 - Boys | Pradeep Rathva | 400 mt | 1st |
| U 17 - Boys | Saresh Damor | 800 mt | 3rd |
| U 17 - Boys | Sanjay Pateliya | 3000 mt | 1st |
| U 17 - Boys | Jayraj Tadvi | Shot Put | 1st |
| U 17 - Boys | Viral Padvi | Shot Put | 2nd |
| U 17 - Boys | Tarun Rathva | High Jump | 1st |
| U 17 - Boys | Tarun Rathva | Long Jump | 3rd |
| U 17 - Boys | Sanjay Pateliya | Javeline Throw | 2nd |









## રંગો, રિધમ અને રચનાત્મકતા : આપણાં બાળકો અવ્વલ

તાજેતરમાં ગોરજ સી.આર.સી કક્ષાનો કલા ઉત્સવ આપણી બક્ષીપંચ આશ્રમ શાળાને આંગણે ઉજવાઇ ગયો અને શાળાના બાળકોએ ફરી એકવાર કલાક્ષેત્રે સુંદર પ્રદર્શન કરી મુનિ સેવા આશ્રમ સાથે સંલગ્ન સહુને ગૌરવાન્વિત કર્યાં.









ચિત્ર સ્પર્ધા માં ધોરણ - 7માં ભણતી આપણી રિયા બારીયાએ, સંગીત ગાયન સ્પર્ધા માં ધોરણ 8ની પ્રીતિકા રાઠવા એ અને બાળ કવિ સ્પર્ધામાં ધોરણ 8 ની જ ઉષા પરમારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. જયારે હિતેન બારીયા એ સંગીત વાદન સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

સર્વે બાળકો અને તેમના માર્ગદર્શક શિક્ષકોને ખુબ ખુબ અભિનંદન !

## EMRS - જિલ્લા કક્ષા એ ઝળહળી :

તાજેતરમાં, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), વડોદરા દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની રોલ પ્લે અને લોકનૃત્ય સ્પર્ધા – જેમાં જિલ્લાની 35 શાળાઓએ ભાગ લીધો હતો – આપણી EMRS ના વિદ્યાર્થીઓએ લોકનૃત્ય (Folk Dance) શ્રેણીમાં ત્રીજું ઇનામ અને નાટક શ્રેણીમાં શ્રેષ્ઠ પ્રોત્સાહન ઇનામ પ્રાપ્ત કર્યું.

તમામ વિદ્યાર્થીઓ અને તેમના ગુરુને ખુબ ખુબ અભિનંદન !











## સંવિધાન દિવસની ઉજવણી



આપણી ભગિનીઓએ સુંદર રંગોળી અને ચિત્રો દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરી.

ભારતીય સંવિધાન દરેક નાગરિકને ગરિમા, સમાનતા અને રક્ષણનું વચન આપે છે, અને મુનિ સેવા આશ્રમ કાળજી અને કરુણા સાથે આ અધિકારોનું સન્માન કરવા માટે પ્રતિબદ્ધ છે.








## કલા મહોત્સવમાં બક્ષીપંચ આશ્રમશાળાની દીકરીઓએ ડંકો વગાડ્યો:




વાઘોડિયા સ્થિત બીઆરસી ભવન ખાતે યોજાયેલા તાલુકા કક્ષાના કલા મહોત્સવમાં આપણી બક્ષીપંચ આશ્રમ શાળાની દીકરીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે.ધોરણ ૭ની વિદ્યાર્થીની રિયા બારિયાએ ચિત્રકળા શ્રેણીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ બદલ તેને સફળતા પ્રમાણપત્ર, ₹૧,૦૦૦નું રોકડ ઇનામ મળ્યું છે, અને તે હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં આશ્રમ શાળાનું પ્રતિનિધિત્વ કરશે. ધોરણ ૮ની વિદ્યાર્થીની ઉષા પરમારે બાળકવિ સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

બંને દીકરીઓ અને તેમનાં માર્ગદર્શક શિક્ષકોને આશ્રમ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન! બાળકો તેમનાં ગમતાં ક્ષેત્રોમાં સતત પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અને આશીર્વાદ.

## એચ.આઈ.વી. એઇડ્સ અંગે જાગૃતિ



વિશ્વ એઇડ્સ દિવસ, ૧લી ડિસેમ્બરના અવસરે, મુનિ સેવા આશ્રમની નર્સિંગ સંસ્થાના ત્રીજા વર્ષના જી.એન.એમ. અને ચોથા વર્ષના બી.એસ.સી. નર્સિંગ ના વિદ્યાર્થીઓએ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ખાતે એચ. આઈ. વી. અને એઇડ્સ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.



સમાજમાં જાગૃતિ ફેલાવવા અને શિક્ષણ આપવાના હેતુથી આ કાર્યક્રમમાં એક પ્રભાવશાળી નાટિકા અને સર્જનાત્મક પોસ્ટર પ્રદર્શનનો સમાવેશ કરવામાં આવ્યો હતો.



**આસ્વાદ :**

**“ ઉપકાર કરીને મૂક રહે
સામો ઉપકાર ન લેશ ચહે,
જે નિડરપણે હિત સ્પષ્ટ કહે
તે મારે મન પરમેશ્વર છે.**

**દુનિયા જ્યારે નિંદા કરશે
મિત્રો પણ જ્યારે પરિહરશે,
ત્યારે જે સાથે સંચરશે
તે મારે મન પરમેશ્વર છે.**

**જનનાં દોષો માફ કરે
પરનાં મેલોને સાફ કરે,
બળતા હૃદયોની બાફ હરે
તે મારે મન પરમેશ્વર છે. ”**

-સર પ્રભાશંકર પટ્ટણી

# MSA ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫ - જોમ, જુસ્સા અને શાનદાર ક્રિકેટની મોસમ



*Together in one frame the spirit of MSA led by our Chairman, Dr. Vikram Patel*



*MSA Marvels*
*Fought with heart, played with pride*
*deserving Runners-Up!*

શિયાળાની શરૂઆતે જ મુનિ સેવા આશ્રમ ક્રિકેટના ઉત્સાહથી ગુંજી ઉઠ્યો અને MSA ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫ ની અગિયાર જોશીલી ટીમોએ આપણી EMRS ખાતે આવેલા રણજી ટ્રોફી-સ્તરનાક્રિકેટ ગ્રાઉન્ડ પર જોરદાર ઊર્જા સાથે રમવાનું ચાલુ કરી દીધું હતું. આંતર- વિભાગીય મેચોએ કેમ્પસને ઉત્સાહ, ટીમવર્ક અને ખેલદિલીના ઉત્સવમાં ફેરવી દીધું. સૌથી યાદગાર ક્ષણ એકલવ્ય ગ્રાઉન્ડ પરનો અવિસ્મરણીય મુકાબલો હતો - એકલવ્ય સ્ટુડન્ટ્સ વિ. યુટિલિટી ટીમ — આ મેચ એટલી જોરદાર હતી કે જાણે ભારત-પાકિસ્તાનનો મુકાબલો હોય! વિદ્યાર્થીઓ અને શિક્ષકોના જોરદાર પ્રોત્સાહનથી, એકલવ્ય સ્ટુડન્ટ્સે રોમાંચક વિજય મેળવીને સેમી ફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.

૩૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો, જ્યારે સેમિફાઇનલ અને ગ્રાન્ડ ફિનાલે યોજાઈ. રોમાંચક ચેમ્પિયનશિપ મેચમાં, MSA કિંગ્સની ટીમે MSA માર્વેલ્સને માત્ર ૪ રનથી હરાવીને, અંતિમ ક્ષણ સુધી ચાલેલા સંઘર્ષ બાદ પ્રતિષ્ઠિત ટ્રોફી જીતી લીધી.



*MSA Kings*
*Champions of skill, spirit, and sportsmanship*
*well deserved!*

તમામ ખેલાડીઓને તેમના જુસ્સા અને ખેલદિલી માટે હાર્દિક અભિનંદન! બિપીનભાઈ અને ડો સત્યમભાઈને સુંદર આયોજન બદલ, હર્ષિલભાઈને તેમની જીવંત કોમેન્ટરી બદલ અને મેદાન પર હાજર તમામ આશ્રમવાસીઓને ખેલાડીઓનો જુસ્સો વધારવા માટે ખુબ ખુબ ધન્યવાદ . ચેરમેન ડૉ. વિક્રમ પટેલનો તેમની પ્રેરક ઉપસ્થિતિ અને સતત પ્રોત્સાહનબદલ અંતઃકરણપૂર્વક આભાર !

ભલે આ ટુર્નામેન્ટ સમાપ્ત થઈ, પરંતુ તેણે સર્જેલી યાદો, એકતા અને આનંદ લાંબા સમય સુધી MSAમાં ગુંજતા રહેશે.



*When the Kings needed a hero,*
*he answered the call!*
*Rinkesh Parmar - Man of the Match*
*MSA Kings*



*Line. Length. Lethal.*
*Dr. Jay Patel - Bowler of the Tournament*
*MSA Marvels*



*Timing, Temperament, Talent - the perfect blend!*
*Parth Lothe - Batsman of the Tournament!*
*MSA Radiance*





*The mic maestro -*
*keeping us entertained from first ball to last!*






## *Eleven Teams. One Field. Infinite Spirit*

| Team Name | Representing Department | Identity |
|---|---|---|
| MSA Kings | Counter Staff & Social Workers | Serving people with heart, playing cricket with pride |
| MSA Marvels | Doctors | Healing hands, fearless innings. |
| MSA Radiance | Radiotherapy Department | Precision at work, power on the pitch. |
| MSA Super Pharma | Pharmacy Department | Strength, stamina, and the perfect dose of cricket. |
| MSA OT Kings | Operation Theatre Department | Master techs off duty, master strokes on the field. |
| MSA Eklavya Students | EMRS Students | Young energy, unstoppable spirit. |
| MSA Baxipanch | Teachers of Shardamandir Baxipanch Ashram Shala | Guiding minds in class, guiding victories on the field |
| MSA Eklavya | Teachers of EMRS | Educators by profession, competitors by passion. |
| MSA Fighters | Laboratory & Radiology Departments | Sharp focus, strong performance |
| MSA Utility | Utility Department | Always dependable, always determined |
| MSA VTC | Vocational Training Centre's staff and students | Skilled hands, spirited cricket. |

*When the fans celebrate, the game becomes a festival!*



*Cheering loud, standing proud*
*Thank you for being there!*



*The roar of victory,*
*the pride of champions - trophy lifted high!*
*MSA Kings*





*Crowd roaring, spirits soaring*
*what a match-day vibe!*



જય શ્રી કૃષ્ણ.

હું ભૂમિકા પટેલ. આપણાં કૈલાશ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરની ICN - ઇન્ફેક્શન કંટ્રોલ નર્સ. છેલ્લા સત્તર વર્ષથી આશ્રમની ભૂમિ સાથેનો મારો સંબંધ માત્ર એક કર્મચારીનો નહીં, પણ એક આત્મીય અનુબંધ જેવો રહ્યો છે. મારી આ સફરનો આરંભ એક નર્સિંગની અભ્યાસ કરતી વિદ્યાર્થીની તરીકે થયો હતો, અને એ જ સમયે મારા મનમાં આ સંસ્થા સાથે જીવનભર જોડાઇ રહેવાનો દૃઢ સંકલ્પ જન્મી ચૂક્યો હતો. આજે, એ જ સ્વપ્ન - સંકલ્પની ફલશ્રુતિ સ્વરૂપ હું નિષ્ઠાપૂર્વક મારી ફરજ નિભાવી રહી છું.




જ્યારે હું શાળામાં હતી, ત્યારે શિક્ષકોના મુખેથી 'મુનિ સેવા આશ્રમ'ના સેવાકાર્યોની વાતો સાંભળી હતી; આશ્રમની એક વૈચારિક છબી મારા મનમાં અંકિત થઈ ચૂકી હતી. બારમું ધોરણ પૂર્ણ કર્યું, અને મારી તેમજ પરિવારની ઈચ્છા હતી કે હું એક સમર્પિત નર્સ બનું. મને આશ્રમમાં જ નર્સિંગ કોલેજ હોવાની જાણ હતી, તેથી મેં સહર્ષ ઘરેથી પરવાનગી લઇને અહીં પ્રવેશ મેળવ્યો. વર્ષ ૨૦૦૪માં પહેલીવાર મને આશ્રમમાં રહેવાની અને તેના આત્માને નજીકથી જાણવાની તક મળી.

અમે વીસ વિદ્યાર્થીઓની એક બેચ હતી, જેમને અહીંની રહેવાની સુવિધાઓના કારણે સાથે રહેવાનો અવસર મળ્યો. જોકે, એ સમયે અમે આશ્રમના અન્ય ભવ્ય વિભાગો અને વિશાળ સેવાકાર્યોથી અજાણ હતા. નર્સિંગ કોલેજનું ભવન આશ્રમ - મુખ્ય પરિસરના પરિવાર મંદિરમાં જ હતું જેના ચાર ખંડો અમારા માટે ફાળવવામાં આવ્યા હતા. ક્યાં એ વીસ વર્ષ પહેલાંની નાનકડી જગ્યા, અને ક્યાં આજનું આ વિશાળ સ્વરૂપ! આજે નર્સિંગ કોલેજ આશ્રમ રૂપી વટવૃક્ષની વિશાળ શાખા બની ગઇ છે, જેમાં અધતન સંસાધનોથી સજ્જ વિશાળ ક્લાસરૂમ્સ છે, અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વિવિધ અભ્યાસક્રમોમાં શિક્ષણનું અમૃતપાન કરી રહ્યા છે.

અમારા એ વિદ્યાર્થીકાળમાં અમે હોસ્ટેલમાં સાથે રહેતા, મસ્તી કરતા, અને સોંપાયેલાં કાર્યોમાં ખભેખભા મિલાવતા. એ યાદગાર સમય હતો, જ્યારે ડો. વિક્રમ પટેલ સર પોતે અમારી સાથે આવીને બેસતા અને જીવનની સુંદર વાતો સમજાવતા. સાહેબે અમને હંમેશાં પોતાની દીકરીઓ જેટલું જ માન અને નિર્મળ વાત્સલ્ય આપ્યું છે, તથા દરેક સંજોગમાં સકારાત્મક સહકાર પૂરો પાડ્યો છે.

એટલે જ, અમે તેમને 'પપ્પા' કહીને સંબોધતા, અને આજદિન સુધી એ પિતા-પુત્રીનો સ્નેહ જળવાયેલો છે.

અમે હોસ્ટેલમાં રહેતા હોવા છતાં, અહીંનું શાંત વાતાવરણ, પરિવાર જેવી સંભાળ, ઘર જેવું સ્વાદિષ્ટ - પૌષ્ટિક ભોજન, અને શહેરના ઘોંઘાટથી મુક્ત જીવન—આ બધું અમને ક્યારેય ઘરથી દૂર હોવાનો અહેસાસ થવા દેતું નહોતું. આ જ સાનુકૂળતાઓ વચ્ચે મેં નર્સિંગનું શિક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. પરંતુ આ તો ફક્ત એક વિરામ હતો; આશ્રમ સાથેની મારી સાચી સફર તો અહીંથી શરૂ થવાની હતી.

વર્ષ ૨૦૦૮માં અભ્યાસ પૂરો થતાં જ, આશ્રમમાં કાર્યરત હોસ્પિટલ તરફથી મને જોબ ઑફર કરવામાં આવી. બીજા જ દિવસથી હું હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે સર્જિકલ વોર્ડમાં ફરજ પર હાજર થઈ. આમ, આશ્રમની એક વિદ્યાર્થીની હવે અહીંની એક જવાબદાર કર્મચારી બની ચૂકી હતી.

મને સ્પષ્ટ યાદ છે, ભણવાનું પૂરું થતાં જ સીધી નોકરી મળવાથી હું ખૂબ ખુશ હતી — મારી અહીં જ રહેવાની ઇચ્છા તો પૂરી થઇ ગઇ! પરંતુ સાથે જ અનુભવના અભાવનો ડર પણ હતો, કે કાલે જ કામ શરૂ કરવાનું છે. હું સહજ રીતે નર્વસ હતી , પણ એ જ દિવસે વિક્રમ સરે આવીને અમને ખૂબ જ શાંતિ અને પ્રેમથી સમજાવ્યા, અને અમારામાં આત્મવિશ્વાસ જગાવ્યો. એમની શુભકામનાઓ અને આશીર્વાદ સાથે અમે અમારી નવી ફરજ શરૂ કરી.

પ્રારંભિક ચાર વર્ષ મેં વિવિધ વિભાગોમાં સ્ટાફ નર્સ તરીકે સેવા આપી. ત્યાર બાદ વોર્ડ ઇન્ચાર્જની મોટી જવાબદારી મળી. આ નવી ભૂમિકામાં પણ શરૂઆતમાં બીક લાગી, કે આ બધું કેવી રીતે પાર પડશે? પણ દરેક વખતે હું વિક્રમ સરની વાતો અને શિખામણો યાદ કરીને મનને મક્કમ બનાવી લેતી, કે "કરી જ શકાશે."

વર્ષ ૨૦૨૨માં મારી ટ્રાન્સફર NABH (National Accreditation Board for Hospitals & Healthcare Providers) કોઓર્ડિનેશન વિભાગમાં થઇ , જે મારા માટે એક નવીન પ્રવાસ હતો. અહીં પણ અનેક પડાવો આવ્યા, જે અમે સહકર્મીઓના સહયોગ અને માર્ગદર્શનથી ધીમે ધીમે પાર કર્યા.

હાલ હું ઇન્ફેક્શન કંટ્રોલ નર્સ તરીકે કાર્યરત છું. મારું કાર્ય હોસ્પિટલમાં ચેપ (ઇન્ફેક્શન) ને અટકાવવાના શક્ય ઉપાયો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ ચેપને નિયંત્રિત કરવો અથવા દૂર કરવો અને તેના માટે સમયાંતરે આવશ્યક પરિવર્તનો લાવવા એ અમારા વિભાગની પવિત્ર ફરજ છે.

મને એ વાતનો પરમ આનંદ થાય છે, જ્યારે અમારા કામથી કોઇ દર્દીની સારવાર સફળ બને. હોસ્પિટલ આ બાબતે ખૂબ જ સાવચેતીપૂર્વક પગલાં લે છે, માત્ર સ્ટાફને તાલીમ જ નહીં, પણ દર્દીઓને પણ જરૂરી સલાહ-સૂચનો આપવામાં આવે છે.

એક વિદ્યાર્થી અને એક કર્મચારી એમ બે રીતે મેં આશ્રમમાં મારો સમય પસાર કર્યો છે. વર્ષો પહેલાં આશ્રમમાં ભણવા જવાનો જે નિર્ણય લીધો હતો, તે આજે સૌથી સાચો ઠર્યો છે, જેનો મને અનહદ આનંદ છે.

અહીંના લગભગ દરેક કર્મચારીનો અનુભવ મારા જેવો જ હશે, કારણ કે એકવાર જે આશ્રમનો ભવ્ય ઇતિહાસ, તેના સેવા કાર્યો, સફળતાઓ અને સંઘર્ષ વિશે સાંભળે છે, તેના મનમાં અહીં રહીને કંઇક કરી છૂટવાની કે યોગદાન આપવાની ભાવના જાગે જ છે. એટલે જ તો અહીં તમને મારા કરતાં પણ વધારે વર્ષોથી સેવા આપનારા અનેક લોકો મળશે, એવા પણ લોકો મળશે જેમની બે કે ત્રણ પેઢીઓ આશ્રમ સાથે સંલગ્ન છે.

મેં પૂજ્ય શ્રી અનુબેનને પ્રત્યક્ષ જોયા નથી, પરંતુ તેમના વિશેના શબ્દશઃ વર્ણનો અને કિસ્સાઓ સાંભળીને હંમેશા પ્રેરિત થઇ છું. તેમના બાદ વિક્રમ સરે જે રીતે આશ્રમનો કાર્યભાર સંભાળ્યો છે, એ તેમની અનોખી ખૂબી છે. સાહેબ પાસે જ્ઞાન, હાસ્ય, સાદગી, સ્નેહ અને નિખાલસતાનો અખૂટ ખજાનો છે, જેને તેઓ મુક્ત હાથે વહેંચે છે.

આશ્રમ સાથે મારા આજે વીસ વર્ષ ક્યાં પૂરા થઇ ગયા એની ખબર જ નથી પડી, કારણકે મારે મન આ સ્થળ ક્યારેય 'પારકું' રહ્યું જ નથી. હજુ પણ શક્ય એટલો સમય હું આશ્રમને આપી શકું એવી જ ઇચ્છા રાખું છું. દર્દીઓની ઇમાનદારીથી સેવા, વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ, અને આશ્રિતોની અવિરત સેવાનો જે ભાવ અહીં વહે છે, તે આ ભૂમિને વિશેષ દૈદિપ્યમાન બનાવે છે.

મેં મારો સમય અહીં વિતાવ્યો, એ મારું સૌભાગ્ય છે; અને એને માટે હું આશ્રમની હંમેશા ઋણી રહીશ.

આભાર અનુસંધાન.

**ભૂમિકા પટેલ (ઇન્ફેક્શન કંટ્રોલ નર્સ)**

**કૈલાશ કેન્સર હોસ્પિટલ**

**મુનિ સેવા આશ્રમ**

## આપણી EMRS ખાતે નિયમિત શાખા પ્રવૃત્તિઓનો પ્રારંભ



આવાસીય શાળાના વિદ્યાર્થીઓના સાંજના સમયને જીવનના ઉદ્દેશ્ય અને ઉત્સાહથી ભરી દેતી શાખા પ્રવૃત્તિઓનો પ્રારંભ આપણી EMRS ના મગનપુરા પરિસર ખાતે થઇ ચુક્યો છે. માત્ર શારીરિક પ્રવૃત્તિ સુધી સીમિત ન રહેતા, આ સત્રો નો મુખ્ય ઉદ્દેશ્ય હોય છે -રાષ્ટ્ર નિર્માણ માટે સમર્પિત, શિસ્તબદ્ધ, જવાબદાર અને સેવાભાવી નાગરિકોનું ઘડતર કરવું !

વ્યાયામ, જૂથ પ્રવૃત્તિઓ અને રમતો દ્વારા, વિદ્યાર્થીઓ તેમના શરીરને મજબૂત બનાવે છે અને મનને સતેજ કરે છે, સાથે જ તેઓ સમૂહજીવન, આદર, નેતૃત્વ અને કરુણા જેવા આવશ્યક મૂલ્યો શીખે છે. આ ગુણો તેમને વધુ મજબૂત અને સંયુક્ત સમાજમાં સક્રિય યોગદાનકર્તા બનવા માટે તૈયાર કરે છે. કૌશલ્ય અને ચારિત્ર્યના વિકાસ ઉપરાંત, આ અમૂલ્ય ક્ષણો કાયમી યાદોનું સર્જન કરે છે અને રાષ્ટ્રની પ્રગતિ માટે પ્રતિબદ્ધ ભાવિ નાગરિકો તરીકેની તેમની સફર માટે એક મજબૂત પાયો નાખવામાં મદદ કરે છે.







## પ્રાથમિક સારવાર અને આપત્તિ વ્યવસ્થાપન પર એક દિવસીય વર્કશોપ

આપણાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઇડ) અને આપત્તિ વ્યવસ્થાપન (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું.. આ પહેલ અંતર્ગત વિદ્યાર્થીઓને આવશ્યક જીવનરક્ષક કૌશલ્યોથી સજ્જ કરવામાં આવ્યા, અને કટોકટી (ઇમરજન્સી) દરમિયાન અસરકારક રીતે પ્રતિસાદ આપવા માટે સક્ષમ કરવામાં આવ્યા.










**આપણા આશ્રમની પ્રેરક વાતો અને સેવા પ્રકલ્પોની માહિતી દેશ વિદેશમાં પહોંચાડવા માટે આપ સૌની સહભાગિતા આવકાર્ય છે. અનુસંધાનને વધુ સારું અને અસરકારક બનાવવા માટે આપ મદદ કરશો જ તેવો અમને વિશ્વાસ છે. આપ આ વિષે અમને anusandhan@greenashram.org પર લખી શકો છો. આ સિવાય આશ્રમ વિષયક માહિતી આપણી વેબસાઈટ www.greenashram.org તેમજ આપણા ફેસબૂક અને ઇન્સ્ટાગ્રામ પેજ પર થી પણ મળી શકશે.**

**2025માં આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલ સેવાના 25 વર્ષનું સીમાચિહ્ન અંકિત કરી રહી છે ત્યારે આશ્રમના શરૂઆતના દિવસોમાં તબીબી સેવાઓનો પાયો નાખનાર હોંશિલા - સેવાભાવી તબીબોમાંના એક, આશ્રમ પરિવારના માનવંતા સભ્ય, સમર્પિત ફિઝિશિયન તરીકે કૈલાશ કેન્સર હોસ્પિટલમાં દીર્ઘકાલીન સેવા પ્રદાન કરનાર એવા ડો સુરેશ કુબાવતની લગભગ 5 દાયકાની મૈત્રીગાથાના થોડાક પન્ના " અનુસંધાન " ના જોડાણ તરીકે આપ સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા છીએ. આશા છે આપને ગમશે અને આપણાં અનુબંધને મજબૂતી પ્રદાન કરશે.**